સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ન જાતિ કે ન કોઇ ધર્મનો, હોય છે આતંક
ક્રૂર-કરપીણ સ્વભાવનો, હોય છે આતંક
આતંક હોય છે કટ્ટર-શત્રુ માનવતાનો -
નિષ્ઠુર-નિર્દય-નરાધમ, હોય છે આતંક..
(રાક્ષસી સ્વભાવ પ્રદર્શન - વિડિયો)

હાઈકુ

'મુસ્લિમ નથી'
- તો વિરોધ કરે ને!
ચૂપ કેમ છે?
(મુસ્લિમ પ્રજા?! -આતંકી નથી -
અબ્દુલ બરાક હુસેન ઓબામા)

વધેરે માથાં
આતંકી આ રાક્ષસો
માનવતાનાં..

ચિંતન

નારી પરમુખ દેષ્ટ્રી કવિરવ્યવહાર વિત્ । અપથ્ય સેવી રોગી ચ કિયદ્ધિભનોં પહસ્યતે ॥

પરપુરુષના મુખ તરફ જોઇ રહેનારી સ્ત્રી, વ્યવહારૂ દૃષ્ટિ વિનાનો કેવળ કલ્પના વિહારી કવિ, અને અપથ્યનું સેવન કરનારો રોગી, આ ત્રણે કોનાથી ઉપહાર પાત્ર-હાંસી પાત્ર ઠરતાં નથી?

પુરુષ કે સ્ત્રીના જીવનમાં 'ચારિત્ર્ય' જ મહત્ત્વનું છે. પરપુરુષના ચહેરા તરફ મીટ માંડીને રહેતી સ્ત્રી, સમાજ સેવા અને અંગત મહત્ત્વકાંક્ષાને સંતોષ માટે, ઘર-બાળકો-પરિવાર તરફ બેધ્યાન બનતી ગૃહલક્ષ્મીને જયારે સત્યનો અનુભવ થાય ત્યારે હાંસીપાત્ર બને છે.

સાહિત્ય, સમાજ સાથે સંકળાયેલું છે રોજબરોજ મળતા કડવા-મીઠા અનુભવો - આઘાતો-પ્રત્યાઘાત-પ્રેમ-નફરતના પડઘા પાડતું સાહિત્ય જ જીવંત સમાજનું હૃદયસ્પર્શી ચિત્ર આપી શકે છે માત્ર ચાંદ-તારા-નદી-નાળાંથી પેટ નથી ભરાતું - કલ્પના વિહારી કવિ હાંસીપાત્ર ઠરે છે. (-એમ આ શ્લોક કહે છે.)

કોઇ મહારોગ થયો હોય તો તેમાં રાહત કે ઇલાજ માટે 'કરી' પાડવી જોઇએ. દરેક કોળિયે આ ખવાય કે ન ખવાયનો વિચાર કરવો જ જોઇએ - રોગ તરફ બેધ્યાન બની ગમે તે ખા-ખા કરનાર રોગી જયારે હેરાન થાય ત્યારે દયાપાત્ર નહીં હાંસીપાત્ર થાય છે.

સુવિચાર

- ભૂતકાળના સહારે થોડુંક જીવન સમજી શકાય, પણ જીવન જીવવું તો પડે ભવિષ્ય તરફ જોઇને જ - આર્થર કોનન ડોઇલ
- વાત વાતમાં સંદેહ કરનાર માણસનું પતન શરૂ થઇ જાય છે - એસ. ભટ્ટાચાર્ય
- તમે કંઇક પરિવર્તન લાવવા માંગો છો એ રીતે કામ કરો, અને એ પ્રયત્નમાં ટકી રહો, પરિવર્તન આવશે જ - સંત રોબિન
- ધર્મ અને નીતિ કપડાંમાં નથી એ તો માણસના મન અને વર્તનમાં છે- નગીનદાસ સંઘવી
- જેને જે મળે એટલામાં જ એનું સુખ સમાઇ રહે એવું એનું મન કરજે - આચાર્ય ભાનુચંદ્ર વિજયજી
- જીતવી જાતને સારી અન્યને જીતવા થકી - મહાવીર સ્વામિ
- જિંદગીમાં સૌથી મહત્ત્વની બાબત માણસ જેવા રહેવાની છે અને સુખ વહેંચવાની છે - ઝેન કથન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

રાજાને 'વિકાસ' અને 'પરિવર્તન'ની ધૂમ ચઢી હતી. બધા પ્રધાનોને દોડતા રાખતો અને વારંવાર પ્રોગ્રેસ રિપોર્ટ માટે - પ્રધાનો થાકીને લોટપોટ થઇ ગ્યા.

પાછી રોજની નવી-નવી કસોટી તો ખરી જ!

રાજાએ 'નીતિ આયોગ' માંથી બધા પ્રધાનોને ૪૦૦-૪૦૦ અશર્ફી આપીને કહ્યું એનું નીચે પ્રમાણે આયોજન કરવું :

- ૧૦૦ એવી રીતે વાપરો જે મને અહીં જ પાછી મળે!
- ૧૦૦ મને સ્વર્ગમાં મળે એ રીતે વાપરવી.
- ત્રીજી સો તમારી ઇચ્છા મુજબ સત્કાર્યમાં વાપરવી
- ચોથી સો મને પાછી આપવી. આવતો સોમવારે મળો.

બીરબલ સિવાયના બધા પ્રધાનો પરસેવે રેબઝેબ. બીરબલે પહેલી સો અશર્ફીનો એક મોટા ઉદ્યોગપતિના પુત્રના લગ્નમાં ચાંલ્લો લખાવ્યો. ઉદ્યોગપતિએ એમાં સવાયું કરી રાજાને ભેટ મોકલી.

બીજી સો અશર્ફીથી ગરીબોને જમાડ્યા. ત્રીજી અશર્ફીથી શહેરની નામાંકિત વ્યક્તિઓને રાજાના પ્રમુખપદે પાર્ટી આપી. ચોથી ૧૦૦ રાજાને પાછી આપી.

રાજાને ચાલ્લાંના બદલામાં ભેટ મળી તે અહીં જ પાછી આવી. ગરીબોના આશીર્વાદથી તે સ્વર્ગમાં મળશે. ત્રીજીથી રાજાની નામના વધારી ચોથી સો પાછી આપી..

રાજાને બીરબલને પાંચસો અશર્ફી ભેટ આપી. બીજા બધા પ્રધાનોએ ચારસો અશર્ફી તિજોરીમાં પરત જમા કરાવી દીધી.

Email - sureshchandrabhatt18@gmail.com

માતૃભાષા એ લોકસંસ્કૃતિ ધબકતી રાખવાનો અને લોકહૃદય સુધી પહોંચવાનો રાજમાર્ગ છે, તેના પર એક ડગલું આગળ વધીએ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

મેં માતૃભાષાને એક નિષ્ઠ પ્રેમ કર્યો અને મને વરદાન મળ્યું અવિરત વિરલ અભિવ્યક્તિનું, મેં માતૃભાષાને વંદન કર્યા અને મને દર્શન થયાં માં શારદાનાં, મેં માતૃભાષાની સાધના કરી અને મને શબ્દોની શીતળ સાંનિધ્ય મળ્યું, મેં માતૃભાષામાં શુદ્ધિનો આગ્રહ સેવ્યો અને મને ચિત્તશુદ્ધિનો માર્ગ દેખાયો. મેં માતૃભાષામાં માતા-માતૃભૂમિ વચ્ચે સેતુબંધ રચાયો, મેં માતૃભાષાને જીવન લક્ષ્ય બનાવ્યું અને એ માર્ગ પર ચાલતાં મને અસંખ્ય પ્રેમી-પથિકો મળ્યા, અને આમ, માતૃભાષા પ્રેમી ગુર્જનજનોના કાફલો રચાતો ગયો.

હા, વાત બીલકુલ સાચી છે, ૨૧મી ફેબ્રુઆરીએ યુનેસ્કોએ જાહેર કરેલો 'માતૃભાષા ગૌરવ દિન' આપણે બે દિવસ પહેલાં જ ઊજવ્યો. માતૃભાષા અંગે ઘણું ચિંતન અને થોડીક ચિંતાઓ પણ કરવામાં આવી પરંતુ શું તેથી માતૃભાષા બચી જશે? ઈ પ્રશ્ન આજ સૌને સતાવી રહ્યો છે. ત્યારે માતૃભાષા પ્રેમી લેખક પાસેથી આપણને એક એવું પુસ્તક મળે છે જેમાં ખુબ જ વિષદ રીતે અભ્યાસપૂર્ણ લેખો સમાવવામાં આવ્યા છે.

હાં, મારે આજે તમને 'મા ની બોલી સૌથી વહાલી નામે હર્ષદ પ્ર.શાહના પુસ્તકની વાત કરવી છે. 'એક હર્ષદ ક્ષણની માતૃભાષા...' શિર્ક્ષકથી પુસ્તકની પ્રસ્તાવનામાં જાણીતા કવિ અને સરકારમાં ઉચ્ચ અધિકારી એવા ભાગ્યેશ જહા સાચું જ કહે છે કે 'આપણા વર્તમાનને ઓળખવા જેવો છે. એક એવી પેઢી કે એનો ભાગ તૈયાર થઇ રહ્યો છે. જેમના મસ્તિષ્કમાં એક પણ ભારતીય ભાષાને સ્થાન નથી. એ તો બધા સ્વીકારે છે કે આવતાં વર્ષો ઓળખ કટોકટીનાં વર્ષો છે. ત્યારે આપણી ઓળખ એવી આપણી ભાષાને આમ અચાનક ઘરડી બનાવી દેવી એટલે આપણાં બાળકોને બહુ ભાષિક થવાની વેદકાલીન વાક્-શક્તિથી વંચિત કરવા. આપણે એક જ એવી પ્રજા છીએ જે ખુબ સહેલાઇથી અનેક ભાષાઓમાં સરળતાથી વિહાર કરી શકીએ છીએ. આ મિલકત એવા કોમળ બાળકો પાસેથી આપણે છીનવી રહ્યા છીએ જેમને ખ્યાલ નથી આવતો કે તેમની સાથે શું થઇ રહ્યું છે.'



''મા' ની બોલી સૌથી વહાલી' પુસ્તકમાંથી પસાર થતાં પ્રસ્તાવના પછી પુસ્તક બે ખંડોમાં વહેંચાયેલું જોવા મળે છે. તેમાં પ્રથમ ખંડમાં લેખકે આત્મકથન, મારી સંવેદના, મેકોલના પત્રો, માતૃભાષાની દીવાદાંડીથી ભ્રમનું તિમિર હટાવો, માતૃભાષા અને અંગ્રેજી શું પહેલાં શું પછી? જેવા લેખો મુકીને ભૂમિકા બાંધી આપી છે તેથી તેને ક્રમમાં સમાવ્યા નથી. પરંતુ તે પછી આ પ્રથમ ખંડમાં ૧૨ લેખો મળે છે. જે લેખકના મૌલિક લેખો હોવાનું અનુક્રમણીકામાં સ્પષ્ટ કર્યું છે.

આ લેખોમાં શિક્ષણના ઉદ્દેશની પરિપૂર્તિ - માતૃભાષા શિક્ષણ, માતૃભાષા, જીવન સુધા, માતૃભાષાનું ઉપનિષદ, માતૃભાષાના ગૌરવમાં જ જીવનનું સાર્થક્ય, કોઇ દેશ પારકી ભાષામાં વહીવટ કરતો નથી, માતાત્રયીનું ગૌરવ, માતૃત્વ અને માતૃભાષાનું વરદાન, માતૃભાષા અને શિક્ષણ, માતૃભાષા ગૌરવદિન, માતૃભાષાની ગરિમા, અંગ્રેજી આવડે એ જ હોંશિયાર... સત્ય અને ભ્રમણ, અંગ્રેજોના વાયરાની લૂ રાષ્ટ્રના સ્વાભિમાનને દઝાડશે અને પ્રત્યાયન સાધના જેવા લેખોમાં લેખકનું સ્વયં મૌલિક ચિંતન મળે છે તો સાથોસાથ ખંડ-૨માં કેટલાક સારસ્વતો અને ભાષાવિદોના મહત્ત્વપૂર્ણ લેખોનું સંકલન પણ ખુબ સરસ રીતે ખુબીપૂર્વક લેખકે મુકી આપ્યું છે. તેમાં કુલ - ૨૪ લેખો છે. અહીં આપણને વિનોબા ભાવે, ડો. રજનીકાંત જોશી, ડો. યોગેન્દ્ર વ્યાસ, ગુણવંત છો. શાહ, કમલ લાલાણી, ડો. કૃષ્ણ કુમાર મહેતા, દિનેશ પ્રજાપતિ, મદનકુમાર અંજારિયા 'ખ્વાબ', રતિલાલ બોરીસાગર, મહેશ દવે, ડો. કૌશિક મહેતા, ગૌરાંગ વૈદ્ય, તુષાર શુક્લ, સુપાર્શ્વ મહેતા, દીપક સોલિયા, સુમન શાહ, દિનેશ પટેલ, રમેશ તન્ના, હિંમતલાલ મહેતા જેવા અનેક સમાજસેવીઓ, ચિંતકો, બૌદ્ધિકોના લેખો મળે છે. ઉપરાંત છેલ્લે લેખકે માધ્યમ પસંદગીની માર્ગદર્શિકા પણ મૂકી છે. જે પુસ્તકોની યાદી જોતાં ખુબ જ ઉપયોગી થાય તેમ છે.

આ સિવાય પુસ્તકમાં લેખો પુરાં થતા હોય ત્યાં ખુબ જ જાણીતા વિદ્વાનોના વિચાર કંડિકાઓ પણ મુકવામાં આવી છે. જેમાં આપણને ડો. કુમારપાળ દેસાઇ, ડો. ઊર્મિલા શાહ, ભોળાભાઇ પટેલ, ડો. વેદ પ્રતાપ વૈદિક, ગાંધીજી, ચંદ્રકાન્ત બક્ષી, પ્રો. યશપાલ કપુર, જૈન મુનિ ઉદયવલ્લભ વિજયજી, મોરારજી દેસાઇ, પ્રખ્યાત વિજ્ઞાની ડો. રઘુનાથ માશેલકર, સુરેશ દલાલ, ફાધર વાલેસ, રમેશ આચાર્ય, કેશુભાઇ દેસાઇના વિચારો ખુબ જ ઓછા શબ્દોમાં છતાં પ્રભાવક રીતે પ્રસ્તુક થયા છે. લેખકે આ પુસ્તક સૌ ભાષાપ્રેમીઓને અર્પણ કર્યું છે.

વર્ષો પછી ગુજરાતમાં ફરી પાછા આવેલા ફાધર વાલેસ તો એમ કહે છે કે બીજાનું અપનાવો પણ પોતાનું શા માટે છોડી દો છો. ગુજરાતમાં આવી મેં સ્પેનિંશ કે અંગ્રેજી ભાષાનો ત્યાગ કર્યો નથી. તેની ઉપરથી જૂઓ કે મારું જીવન કેવું સમૃદ્ધ બન્યું છે. હું પચાસ ટકા સ્પેનિશ અને પચાસ ટકા ગુજરાતી એ પ્રકારની ઓળખમાં માનતો નથી. અહીં હું સો ટકા ગુજરાતી છું અને સ્પેશમાં સો ટકા સ્પેનિશ. હીરાના અનેક પાસા હોય છે પણ એક સમયે હીરાનું એક જ પાસું આપણી સામે હોય છે. જેટલાં પાસાં વધારે એટલો હીરો વધારે કિંમતી.

માતૃભાષાના મહત્ત્વને ઉજાગર કરતું આ પુસ્તક ખુબ સરસ રીતે બધાં પાસાંને સ્પર્શે છે અને તેની વિષદ સમજ ઊભી કરે છે. અહીં ડો. કુમારપાળ દેસાઇએ તો એવું પણ લખ્યું છે કે માતૃભાષાથી જેમ જેમ દૂર જતા જઇશું તેમ તેમ સર્જનાત્મકતા ઝાંખી પડતી જશે. આ અંગે થયેલાં સંશોધનોમાંથી એ તારણ પ્રગટ થયું છે કે જે લોકો પોતાની માતૃભાષા છોડીને અન્ય ભાષા અપનાવે છે અને તેમાં વિશેષ કામગીરી કરે છે તેઓ વધારે અનુકરણાત્મક બની જાય છે અને ઓછા સંશોધતાત્મક રહે છે.

'માં'ની બોલી સૌથી વહાલી' ના લેખક હર્ષદ પ્ર. શાહનું શૈક્ષણિક વિચારધારાનાં પુસ્તકો લખવામાં મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ તરીકે રહી ચૂકેલા, વિદ્યા ભારતી ગુજરાત પ્રદેશના ૨૦૦૬ સુધી અધ્યક્ષ રહેલા લેખકે 'વાંચે ગુજરાત' નું દાયિત્વ પણ સંભાળ્યું હતું. જેના કારણે અનેક ક્ષેત્રોનો અભ્યાસ અને કાર્ય કરવાની સાથે તેમને ચિંતનાત્મક, શૈક્ષણિક, ઐતિહાસિક, ચરિત્રલેખન જેવા વિષયો પર પુસ્તકો આપ્યા છે. હાલમાં તેઓ બારડોલી ખાતે નિવાસ કરે છે અને વ્યવસાય ક્ષેત્રે કાર્યરત છે. ત્યારે તેમના આ પુસ્તકને આવકારું છું, અને લેખકને અભિનંદુ છું.

'મા' ની બોલી સૌથી વહાલી
લેખન અને સંકલન - હર્ષદ પ્ર. શાહ
પ્રકાશક - નવ ભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
કિંમત - રૂા. ૨૦૦.૦૦
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

ગામની બહેન, દીકરીઓ આ યોગરાજથી ગભરાતી હતી, સારા માણસમાં તેની છાપ ન હતી, તે ગામના રસ્તાથી ઉપરથી પસાર થતો ત્યારે બહેનો, દીકરીઓ તેનો રસ્તો બદલી નાખતાં, ગામમાં આવી છાપ ધરાવતા યોગરાજની પત્ની ભગવાનનું માણસ

રહસ્યને પેલે પાર

- નિરંઝન ઓઝા

ભાવનગર જીલ્લાના શિહોર તાલુકાના જસપરા ગામમાં બે મિત્રો રમણ અને મગન રહે છે. નાનપણથી જ સાથે રમવું, સાથે ફરવું અને સાથે ભણવાનો જાણે નિયમ લીધો હોય તેમ ગામમાં રહે છે. આવા રમણ અને મગનનો શિક્ષણકાર્ય પૂર્ણ થતાં મગનને ભાવનગર શહેરમાં સર્વીસ મળતાં, શહેરમાં સ્થળાંતર કરે છે. આમ બંને મિત્રો છૂટા પડતા પહેલાં ગામમાં એક દુઃખદ બનાવ બને છે. જેમાં ગામના માથાભારે અને ઘમંડી યોગરાજે અચાનક આપઘાત કર્યાનું બહાર આવતાં ગામમાં સોપો પડે છે.

સમય પસાર થતાં, એકબીજાને મળવાનું થતું નથી. મગનને જે કંઇ નાનું એવું ઘર અને જમીન હતા તે વેચાય ગયા હતા તેથી ગામડે આવવાનું થતું નથી જયારે રમણે સર્વીસના પ્રયત્નો કરતાં, જી.ઇ.બી.માં સર્વીસ મળે છે તેને શહેરમાં લાઇટના મીટરો બદલવાનો જોબ મળે છે. રમણ પુરેપુરી નિષ્ઠાથી આ કામ કરે છે. તેના ઉપરી અધિકારીઓને પણ રમણના કામ માટે માન અને ગૌરવ છે. આવો રમણ હવે ભાવનગર શહેરમાં નવા મીટરો બદલવાનું કામ શરૂ કરે છે. આ કામ કરતાં કરતાં, તેના જુના મિત્ર મગનનો સંપર્ક થાય છે. રમણને તેના ઘરે આવવા તથા સાથે રહેવા-જમવા માટે આમંત્રણ આપે છે. ઘણા જ સમય પછી બંને જુના મિત્રો ભેગા થયા હોવાથી, મોડી રાત્ર સુધી વાતોએ વળગે છે. વાતો દરમિયાન મગન ગામમાં માથાભારે એવા યોગરાજના આપઘાતના પ્રકરણ વિષે વાત કાઢતાં, રમણ આ રહસ્ય વિશે જણાવે છે કે યોગરાજ પૈસે ટકે સુખી હતો. તેના બાપા ગામના સરપંચ હતા તેથી ઘણું જ ભેગું કર્યું હતું તેને લીધે ગામમાં જમીન, ઘર વિગેરેમાં ઘણું જ રોકાણ કર્યું હતું. ગામમાં તેની ધાક હતી. પૈસાથી તે ભલભલાને પાઠ ભણાવતો હતો. ગામના ફોજદાર પણ યોગરાજ જેમ કહે તેમ કરતાં. અવારનવાર તેના ઘરે રોકાણ કરતાં ગામની બહેન, દીકરીઓ આ યોગરાજથી ગભરાતી હતી. સારા માણસમાં તેની છાપ ન હતી. તે ગામના રસ્તાથી ઉપરથી પસાર થતો ત્યારે બહેનો, દીકરીઓ તેનો રસ્તો બદલી નાખતાં, ગામમાં આવી છાપ ધરાવતા યોગરાજની પત્ની ભગવાનનું માણસ. પાઠ-પૂજા-ભજન-કિર્તન કરવામાં સમય પસાર કરતા, ગામના લોકો યોગરાજના પરાક્રમ વિષે ફરિયાદ કરે, પરંતુ એક અબળા પોતાના પતિ માટે શું કરે? આવી પવિત્ર સતી જેવી ધર્મપત્નીને ત્યાં બે દીકરાં, તે પણ તેના માતાના સંસ્કાર ઉપર પડેલાં, પોતાના પિતાના પરાક્રમોથી અજાણ નહતા? પરંતુ શું કરે? તે પણ લાચાર હતા.

રમણ હવે થોડો અટકીને વાત આગળ ચલાવતા જણાવે છે કે તેને ખબર હશે કે મારા બનેવીનું અવસાન થતાં મારી બહેન મારે ત્યાં તેના બે દીકરાને લઇને આવી હતી. એ તેને આશરો આપ્યો હતો, પરંતુ ભારરૂપ ન થાય તેથી મને કહ્યું હતું કે ઘરકામ તથા રસોઇનું કામ કરી હું તને મદદરૂપ થઇશ. ત્યારબાદ મારી બહેન ને નરાધમ યોગરાજને ત્યાં રસોઇ કરવાનું કામ તેની ધર્મપત્નીએ સોંપ્યુ હતું, તે પ્રમાણે સવાર સાંજ બે વખત રસોઇ કરવા જતી. થોડો સમય બધું બરોબર ચાલ્યું, પરંતુ તેની ધર્મપત્ની તથા બે દીકરાઓને, સારા પ્રસંગે બહાર ગામ જવાનું થતાં, તેની ધર્મપત્નીએ આ દિવસો દરમિયાન રસોઇ કરવાનું તેમજ ઘરનું ધ્યાન રાખવાનું કહ્યું હતું, તે પ્રમાણે મારી બહેન કામ કરતી હતી. પરંતુ એક દિવસ, એકાંતનો લાભ લઇને, તે નરાધમે મારી બહેનને પીંખી નાખી. પરિવાર પાછો ફરતાં, મારી બહેને, તેના ધર્મપત્નીને વાત કરતા, તેને પણ દુઃખ થયું અને આશ્વાસન આપ્યું.

લગભગ પાંચ-છ દિવસ પછી, નરાધમના બે દીકરાઓ, મોડી સાંજના મારા ઘરે આવી અને સાથે આવવા કહ્યું, મને એમ કે તેની વાડીએ અથવા બીજી કોઇ જગ્યાએ દેખાડવા લઇ જતાં હશે, પરંતુ એક અવાવરો કુવા પાસે આવેલ ઘેઘુર વડલા પાસે અમે થોભ્યા. થોડા સમય પછી ઘોડાના પગલાંનો અવાજ આવતાં, બંને ભાઇઓ સાવધ થઇ ગયા અને જેવો ઘોડો નજીક આવ્યો કે તરત જ ઘોડા ઉપર બેઠેલા સવારને નીચે પાડી, લાકડીએ લાકડીએ મારવા લાગ્યા. ઘોડા ઉપરનો સવાર બીજો કોઇ નહિ પરંતુ તેનો નરાધમ પિતા હતો. તેઓ મારતાં જ રહ્યા. ત્યારે તેના પિતાએ કહ્યું કે, હું તમારો બાપુ છું અને મને કેમ મારો છો, ત્યારે બંને દીકરાઓ બોલ્યા કે તમે અમારા બાપા નથી પરંતુ એક શૈતાન છો. અમારાં કુટુંબને તમે કલંક લગાડ્યું છે તેથી પુરા કરીને રહીશું. બંને દીકરાંઓએ પોતાના બાપાને પુરા કર્યા. પછી લાશને બાજુના અવાવરૂ કુવામાં નાખી દીધા. બે ત્રણ દિવસ પછી લાશનો પત્તો પોલીસોએ કુવામાંથી મેળવ્યો. તપાસ શરૂ થઇ પરંતુ ગામના લોકોની રજૂઆતને લીધે, આખું પ્રકરણ આપઘાતમાં લઇ, પ્રકરણ બંધ કર્યું. આ રહસ્ય અત્યાર સુધી હું, તેના ધર્મપત્ની તથા બે દીકરાઓ સિવાય કોઇ જાણતું નથી. હવે તું જાણતો થયો છે. તો આ વાતનું રહસ્ય અત્યાર સુધી અકબંધ રહ્યું છે. તો તું પણ તેમ જ રહેવા દે જે. બીજે દિવસથી રમણ તેના કામમાં રાખેતાં મુજબ કાર્યરત થાય છે.

ગાંધીજી હિંદુસ્તાન આવવાને તૈયાર થયા, પણ શ્રી ગોખલેજી તે વખતે ઇંગ્લેન્ડમાં હતા. તેમની એવી ઈચ્છા હતી કે ગાંધીજી દેશમાં આવે તે પહેલાં ઇંગ્લેન્ડમાં તેમને મળીને આવે જે દિવસે ફિનિક્સમાંથી તેમની વિદાય થઈ તે પ્રસંગ અલૌકિક હતો

(ગતાંકનું ચાલુ)

વસુધૈવ કુટુમ્બકમ્...

હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

૧૪. અત્રે કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય. એક હમીદ કુરેશીનાં લગ્ન પ્રતિમા કોટક સાથે રજિસ્ટ્રેશન મેરેજથી પ્રતિમાનાં માતા શારદાબહેન કોટક, હમીદના પરમ મિત્ર માધવસિંહ સોલંકી, નરહરિ જાની, તથા હમીદ કુરેશી સાથે ૧૯૪૨/૪૩ ની અંગ્રેજો ભારત છોડો ('Quit India) ની બ્રિટિશ સામ્રાજ્ય સામેની લડતમાં ભાગ લેતા પૂના જેલમાં ચાર માસ સજા વિતાવનારા બે સ્વાતંત્ર્ય સેનાની માનસિંહ ડોડિયા અને રમણભાઈ પટેલ ઉપરાંત શારદાબહેન દલાલ, વિજયાબહેન દેસાઈ, પદ્માબહેન સોઘાણી વગેરે, વકીલ શ્રી જેઠાલાલ શાહ તથા રજિસ્ટ્રાર શ્રી સહિતના તમામ ભાઈબહેનોની ઉપસ્થિતિમાં થયાં. લગ્નસ્થળ હતું સી.એન. વિદ્યાલયના ઉદ્યોગશિક્ષક અને હમીદ કુરેશીના વડીલ મિત્ર શ્રી માણેકલાલ સોઘાણી, જેમણે પણ હમીદ કુરેશી સાથે સ્વાતંત્ર્ય સેનાની તરીકે ચાર માસનો સમય યરવડા જેલમાં વિતાવેલો તેમનુ અમદાવાદ શહેરમાં એલિસબ્રિજ પરિમલ સોસાયટીમાં આવેલું નિવાસ-સ્થાન.

૧૫. હમીદ પ્રતિમાના રજિસ્ટ્રેશન મેરેજમાં સહીઓ કરનાર હતા હમીદ કુરેશીના આદરણીય ગુરુજન વિખ્યાત મૂર્ધન્ય કવિ 'સ્નેહરશ્મિ' (શ્રી ઝીણાભાઈ દેસાઈ) તથા કુરેશી કુટુંબના શુભેચ્છક અમદાવાદના મ્યુનિસિપાલટીના ચીફ ઓડિટર શ્રી ચંદુલાલ દલાલ.

૧૬. બીજી ઘટના આકિલનાં સોનલ સાથેના લગ્નની કેટલાક સમયથી રાહ જોવાતી હતી તે સંદર્ભની. સોનલના પીયર પક્ષેથી તે લગ્ન માટે સંવત ૨૦૧૪ના શુભ દિવસે આવેલી આવકારદાયક દરખાસ્તને પ્રતિમા અને હમીદે સહર્ષ વધાવી લેતાં, ગોળધાણા વહેંચાયા. લગ્ન થયા ઈ.સ. ૧૯૮૫ના ડિસેમ્બરમાં. સોનલ-આકિલ ઓગળી ગયાં એકમેકના પરિવારમાં.

૧૭. ત્રીજી ઘટના, સોનલનાં લગ્ન આકિલ કુરેશી સાથે થાય તે સામે શ્રી સુશીલભાઈ દેસાઈની સાથે જ રહેતાં તેમનાં અપરિણિત બહેન ઉર્મિલાબહેનને વાંધો હતો. પરંતુ લગ્નનાં થોડાં જ વર્ષોમાં તેઓ આકિલને જોતાં સમજતાં થયાં અને તેમનો અગાઉનો વિરોધ શમી ગયો એટલું જ નહિ, તેનું સ્થાન સ્નેહ-આદરની લાગણીએ લીધું. કેટલો એક સમય જતાં તેઓ જીવલેણ માંદગીમાં સપડાયાં. અંતકાળ નજીક લાગતાં મૃત્યુના બે-એક દિવસ પહેલાં ઉર્મિબહેને અંતિમ ઈચ્છા વ્યક્ત કરી કે અવસાન બાદ આકિલ જ અગ્નિદાહ આપે. ઉર્મિબહેનનું અવસાન થયું. વિધિની એ જ અગમ્ય યોજના હશે કે ઉર્મિબહેનની અંતિમ ઈચ્છા, નિકટના કુટુંબી આપ્તજનોના આગ્રહનો આદર કરતાં ઉર્મિબહેનના અગ્નિસંસ્કાર ભારે હૈયે આકિલે જ કર્યા.

પરિશિષ્ટ-૧

ગાંધીજીના સહોદર ઈમામસાહેબ

દરરોજ પ્રાર્થના પ્રસંગે ઈમામસાહેબ હાજર હોય જ. 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે!' ભક્તિશિરોમણિ નરસિંહ મહેતાનું એ ભજન 'વૈષ્ણવજન'ને બદલે 'મુસ્લિમજન' મૂકીને તેઓ બહુ જ ભાવપૂર્વક ગાતા. તેમ જ કેટલીક વખતે અમને પવિત્ર કુરાનશરીફમાંથી પેગંબરસાહેબનાં વચનો સંભળાવતા. દરરોજ મળસકે અમે તેમની અઝાનના બુલંદ અવાજની રાહ જોતા પથારીમાં પડી રહેતા અને ઈમામસાહેબની નિયમિત અઝાન અમારી પથારીનો ત્યાગ કરાવતી. તેમના હૃદયનું નિખાલસપણું, આનંદી સ્વભાવ, સ્વધર્મપ્રત્યે અડગ યકીન છતાં અન્ય ધર્મપ્રત્યે સમભાવ, તીવ્ર દેશભક્તિ, એ સર્વનો સમન્વય તેમના જીવનમાં હતો. સાચો હિંદુ સાચો મુસલમાન છે અને સાચો મુસલમાન સાચો હિંદુ છે, એ સૂત્ર તે વારંવાર કહેતા, અને જ્યારે હિંદુ-મુસલમાનના કોમી ઝઘડા વિશે તે સાંભળતા ત્યારે તેમને ભાર દુઃખ થતું. ફિનિક્સ આશ્રમના બધા રહીશોની માફક તે પોતે દરેક કામમાં વિના સંકોચે મશગૂલ રહેતા. ગાંધીજી પ્રત્યેના તેમના પ્રેમમાં તે કોઈ નાથીયે ઊતરે એવા નહોતા. આ પ્રસંગે એક સુંદર પ્રસંગનું મને સ્મરણ થાય છે.

સને ૧૯૧૪ના ઑગસ્ટ માસના અરસાના દિવસો હતા. ગાંધીજી હિંદુસ્તાન આવવાને તૈયાર થયા, પણ શ્રી ગોખલેજી તે વખતે ઈંગ્લેન્ડમાં હતા. તેમની એવી ઈચ્છા હતી કે ગાંધીજી દેશમાં આવે તે પહેલાં ઈંગ્લેન્ડમાં તેમને મળીને આવે જે દિવસે ફિનિક્સમાંથી તેમની વિદાય થઈ તે પ્રસંગ અલૌકિક હતો. વહાલાંના છૂટા પડવાનો આ પ્રસંગ વર્ણવ્યો જાય તેવો નથી. ઘરના મુખ્ય ખંડમાં અમો બધા ભેગા થયા. પ્રેમાશ્રુ સહિત પ્રાર્થના કરી. પ્રાર્થના પછી બધા એક પછી એક ગાંધીજીને પગે લાગ્યા. તેમણે કોઈને મીઠી લપડાક મારી. કોઈને મધુરો મુક્કો માર્યો, કોઈનો બરડો થાબડ્યો અને દરેકને કાંઈ ને કાંઈ કહીને સ્નેહરસે ભીંજવ્યા. શ્રી ઈમામસાહેબનો વારો આવ્યો. ગાંધીજીએ તો ઈમામસાહેબને બાથમાં ભીડ્યા. છાતી સરસા ખૂબ ચાંપ્યા. તેમના સામું જોઈ મીટેમીટ માંડી અને દયાદ્રભાવે બોલ્યા, 'મારી માતાએ બે જન્મ્યા. એક હું અને બીજા તમે. આપણે બે સહોદર ભાઈ છીએ.'

ઈમામસાહેબની આંખમાંથી ખરખર હર્ષાશ્રુ ખરી પડ્યાં. ખરેખર, ગાંધીજીની માતાએ બે જન્મ્યા : એક હિંદુ, બીજો મુસલમાન, બંને સહોદર ભાઈ. આ વિરલ પ્રસંગે અમ બધાઓની આંખમાંથી પ્રેમાશ્રુની ધાર વહેવા લાગી. ફરીથી ક્યારે અને ક્યાં બાપુજીનાં દર્શન થશે એના વિચારમાં અમે છૂટાં પડ્યા અને વહાલા જનને વિદાય આપી.

(દક્ષિણ આફ્રિકા-ફિનિક્સ આશ્રમમાં ઈમામસાહેબના સહઅંતેવાસી શ્રી રાવજીભાઈ મણિભાઈ પટેલના પુસ્તક 'ગાંધીજીની સાધના'માંથી સાભાર.) (સૌજન્ય : નવજીવન)

પરિશિષ્ટ-૨

ઈમામ સાહેબની દીકરી અમીનાબહેનની ગાંધીજીએ લખેલી લગ્ન-પત્રિકાની ફોટો-કોપી

૭૮૬, સત્યાગ્રહઆશ્રમ, સાબરમતી
તા. ૧૫-૫-૧૯૨૪
વ્હાલા ભાઈ

મારા ભાઈ સમાન ભાઈબંધ, ઈમામ સાહેબ અબદુલકાદર બાવઝીર. જેઓ હાલ કેટલાંક વર્ષો થયા દક્ષિણ આફ્રિકાથી જ મારી સાથે રહેતાં આવ્યા છે તે અહીં પણ મારી સાથે આશ્રમમાં રહે છે. તેમની દીકરી બહેન અમીના બીબીની શાદી ધંધુકાના, રસુલમીયાં કુરૈશી સાથે તા. ૩૧મી મે-૧૯૨૪ મુતાબીક તા. ૨૬ શવ્વાલ ૧૩૪૨ હીજરીને શનીવારના દિવસે સાંજનાં સાડા સાત વાગતે થશે. આ શુભપ્રસંગે આપ પધારશો અને વર કન્યાને આપનો આશિર્વાદ આપશો તો આભારી થઈશ.

- મોહનદાસ કરમચંદ ગાંધી.